# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

*****************************************************

1) ભારતીય જનતા પાર્ટીના લઘુમતી મોરચાએ સૌગાત-એ-મોદી અભિયાન શરૂ કર્યુંઃ વંચિત મુસ્લિમોને વિશેષ કિટનું વિતરણ કરાશે.

2) કેન્દ્રીય તપાસ બ્યુરો-સીબીઆઇએ છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલના નિવાસસ્થાનો પર દરોડા પાડ્યા.

3) છત્તીસગઢના છ મહિલા સહિત નવ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું.

4) હરિયાણામાં માર્ગ અકસ્માતમાં અમદાવાદનાં બે પોલિસકર્મી અને એક ખાનગી ડ્રાઇવરનાં મોતઃ પીએસઆઇને ગંભીર ઈજા.

5) IPLમાં, આજે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વચ્ચે મુકાબલો.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# BJP - SAUGAT-E-MODI

ભારતીય જનતા પાર્ટીના લઘુમતી મોરચાએ સૌગાત-એ-મોદી અભિયાન શરૂ કર્યું છે, જેનો ઉદ્દેશ ઈદ પહેલા દેશભરના 32 લાખ વંચિત મુસ્લિમોને વિશેષ કિટનું વિતરણ કરવાનો છે. આ પહેલ એ સુનિશ્ચિત કરવા માગે છે કે, ગરીબ મુસ્લિમ પરિવારો કોઈપણ મુશ્કેલી વિના તહેવારની ઉજવણી કરી શકે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, ભાજપના લઘુમતી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ જણાવ્યું હતું. આ અભિયાનના ભાગરૂપે લઘુમતી મોરચાના 32 હજાર કાર્યકરો જરૂરિયાતમંદો સુધી પહોંચવા માટે દેશભરમાં 32 હજાર મસ્જિદો સાથે સહયોગ કરશે. શ્રી જમાલ સિદ્દીકીએ અભિયાનના વ્યાપક દ્રષ્ટિકોણની માહિતી આપી.

(BYTE: જમાલ સિદ્દીકી)

. . . . . . . . . . . . . . . .

# CBI RAIDS BHUPESH BAGHEL'S RESIDENCES

કેન્દ્રીય તપાસ બ્યુરો-CBIએ આજે રાયપુર અને ભિલાઈમાં છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા ભુપેશ બઘેલના નિવાસસ્થાનો પર દરોડા પાડ્યા હતા. CBIની ટીમો સવારે તેમના ઘરે પહોંચી હતી. શ્રી બઘેલનાં કાર્યાલયે એક્સ હેન્ડલ પર એક પોસ્ટમાં જણાવ્યું કે, "CBI આવી ગઈ છે" અને બઘેલ પક્ષની એક મહત્વપૂર્ણ બેઠક માટે દિલ્હી જવાના છે.

અહેવાલો અનુસાર, બઘેલના નજીકના સાથીઓ સાથે જોડાયેલા સ્થળો પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. CBIની ટીમે મહાદેવ સટ્ટા એપ કેસની તપાસ કરવા માટે ભિલાઈના ધારાસભ્ય દેવેન્દ્ર યાદવ અને બઘેલના સલાહકાર વિનોદ વર્માના નિવાસસ્થાને પણ દરોડો પાડ્યો હતો.

. . . . . . . . . . . . . . .

# CHHATTISGARH- MAOISTS SURRENDERED

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે નવ માઓવાદીઓએ પોલીસ અને CRPFના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આત્મસમર્પણ કર્યું છે. તેમાં છ મહિલા માઓવાદીઓનો સમાવેશ થાય છે. આ માઓવાદીઓ પર 26 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આજે આત્મસમર્પણ કરનારા માઓવાદીઓ અનેક મોટી ઘટનામાં સામેલ હતા.

. . . . . . . . . . . . . . .

# HARYANA- AHMEDABD POLICE ACCIDENT

ગુજરાત પોલીસના વાહનને હરિયાણામાં ભારતમાલા હાઇવે પર અકસ્માતમાં બે પોલિસકર્મી અને એક ખાનગી ડ્રાઇવરનાં મોત થયા છે. જ્યારે એક પીએસઆઇ ગંભીર રીતે ઘાયલ થયા છે. ડબવાલીના વડીંગખેડા પેટ્રોલ પંપ પાસે અકસ્માત થતાં પોલિસ કોન્સ્ટેબલ, હોમગાર્ડ અને ખાનગી ડ્રાઇવર એમ ત્રણનાં મોત થયા છે.

રામોલ પોલીસ પોસ્કોના ગુનાની તપાસમાં લુધિયાણા જઈ રહી હતી, ત્યારે તેમનાં વાહનને હાઇવે પર પાર્ક કરેલા વાહન સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો.

આ બનાવની જાણ થતાં ગુજરાત પોલીસ સ્થાનિક ડબવાલી પોલીસ સાથે સંપર્ક કર્યો હતો. અમદાવાદથી એક મદદનીશ પોલિસ કમિશનર અને એક પોલિસ સબ ઇન્સ્પેક્ટર હરિયાણા જવા રવાના થયા છે.

. . . . . . . . . . . . . . .

# BANGLADESH - INDEPENDENCE DAY

બાંગ્લાદેશ આજે તેનો 55મો સ્વતંત્રતા દિવસ અને રાષ્ટ્રીય દિવસ ઉજવી રહ્યું છે. આ પ્રસંગે દેશમાં રાષ્ટ્રીય સ્તરે અનેક કાર્યક્રમો યોજાયા હતા. 26 માર્ચ 1971 સુધી પૂર્વ પાકિસ્તાન એટલે કે હાલના બાંગ્લાદેશને પશ્ચિમ પાકિસ્તાનના શાસન હેઠળ નોંધપાત્ર રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ભેદભાવ અને દમનનો સામનો કરવો પડ્યો હતો.

રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને દેશવાસીઓને રાષ્ટ્રનાં સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી છે. સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ, બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે પુનરોચ્ચાર કર્યો કે, રાષ્ટ્રીય ચૂંટણીઓ આ વર્ષે ડિસેમ્બરથી આગામી વર્ષે જૂન વચ્ચે યોજાશે. તેમણે કહ્યું કે, વચગાળાની સરકાર સૌથી મુક્ત, ન્યાયી અને સ્વીકાર્ય ચૂંટણીઓ યોજવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . .

# BANGLADESH YUNUS CHINA VISIT

બાંગ્લાદેશના વચગાળાના સરકારના વડા ડૉ. મુહમ્મદ યુનુસ આજે તેમની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે બેઇજિંગ જઈ રહ્યા છે. યુનુસની ચીન મુલાકાતનો મુખ્ય હેતુ બાંગ્લાદેશમાં વિદેશી રોકાણ આકર્ષવાનો છે. તેમના પ્રેસ સેક્રેટરી શફીકુલ આલમે ગઈકાલે આ માહિતી આપી હતી.

મુખ્ય સલાહકારની મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ચીની રોકાણકારો, ઉત્પાદકો, ઊર્જા કંપનીઓ અને ટોચની ચીની ખાનગી અને સરકારી કંપનીઓ સાથે વાતચીત કરવાનો રહેશે, એમ શ્રી આલમે ઢાકામાં એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, તેમની આર્થિક મુત્સદ્દીગીરીનાં ભાગ રૂપે, પ્રોફેસર યુનુસ બાંગ્લાદેશને ઉત્પાદન કેન્દ્ર તરીકે રજૂ કરશે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# JAY BHATTACHARYA- NIH

અમેરિકન સેનેટે ભારતીય મૂળના વૈજ્ઞાનિક જય ભટ્ટાચાર્યની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ (NIH) ના ડિરેક્ટર તરીકે નિમણૂકને સમર્થન આપ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે નવેમ્બરમાં ભટ્ટાચાર્યને 18મા NIH ડિરેક્ટર તરીકે નામાંકિત કર્યા હતા. શ્રી ભટ્ટાચાર્ય નેશનલ બ્યુરો ઓફ ઇકોનોમિક રિસર્ચમાં રિસર્ચ એસોસિયેટ, સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં હેલ્થ પોલિસીના પ્રોફેસર અને હૂવર ઇન્સ્ટિટ્યૂશન, સ્ટેનફોર્ડ ઇન્સ્ટિટ્યૂટ ફોર ઇકોનોમિક પોલિસી રિસર્ચમાં સિનિયર ફેલો છે.

. . . . . . . . . . . . . . . .

# RUSSIA - UKRAINE - BLACK SEA DEAL

અમેરિકાએ જણાવ્યું કે, રશિયા અને યુક્રેન સાઉદી અરેબિયામાં ત્રણ દિવસની વાટાઘાટ પછી કાળા સમુદ્રમાં નૌકાદળના યુદ્ધવિરામ માટે સંમત થયા છે. વ્હાઇટ હાઉસે તેની ટિપ્પણીમાં જણાવ્યું કે, બંને દેશો સલામત નેવિગેશન સુનિશ્ચિત કરવા, બળપ્રયોગ ઘટાડવા, લશ્કરી હેતુઓ માટે વ્યાપારી જહાજોના ઉપયોગને રોકવા માટે સંમત થયા હતા.

નવી સમજૂતિ મુજબ, વ્હાઇટ હાઉસે જણાવ્યું કે, તે રશિયન કૃષિ અને ખાતરની નિકાસ માટે વિશ્વ બજારમાં પ્રવેશ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે. બીજો મુદ્દો ઊર્જા પ્રણાલી પરના હુમલાઓને રોકવાનો છે. ઝેલેન્સ્કીએ ત્રણ વર્ષ જૂના યુદ્ધના શાંતિપૂર્ણ સમાધાન માટેની વાટાઘાટોની પ્રશંસા કરી હતી. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, અમેરિકા બંને દેશો વચ્ચે શાંતિ પુનઃસ્થાપિત કરવામાં ઘણી પ્રગતિ સાધી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# TRUMP - US ELECTIONS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની ચૂંટણી પ્રક્રિયામાં વ્યાપક ફેરફારો કરવા માટે એક વહીવટી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. મતદાર નોંધણી માટે નાગરિકતાના દસ્તાવેજી પુરાવા અને ચૂંટણીના દિવસ સુધીમાં તમામ મતપત્રો પ્રાપ્ત થાય, તે સુનિશ્ચિત કરવાની જરૂર પર આ આદેશમાં ભાર મૂકાયો છે.

આદેશમાં જણાવવામાં આવ્યું કે, યુ. એસ. મૂળભૂત અને જરૂરી ચૂંટણી સુરક્ષાને લાગુ કરવામાં નિષ્ફળ ગયું છે અને રાજ્યોને મતદાર યાદીઓ વહેંચવા અને ચૂંટણી સંબંધિત ગુનાઓ સામે કાર્યવાહી કરવા માટે સંઘીય એજન્સીઓ સાથે સહયોગ કરવા વિનંતી કરી હતી. આદેશમાં એવી પણ ચેતવણી આપી હતી કે, જે રાજ્યોમાં ચૂંટણી અધિકારીઓ તેનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે તેમને સંઘીય ભંડોળમાં કાપનો સામનો કરવો પડી શકે છે.

રિપબ્લિકન સાંસદોએ આ આદેશને ટેકો આપ્યો છે અને ચૂંટણીની અખંડિતતામાં લોકોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

. . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

આઈપીએલ ટી-20 ક્રિકેટમાં આજે, ગુવાહાટીના બરસપારા ક્રિકેટ સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. દરમિયાન ગઈકાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઇટન્સને 11 રનથી હરાવ્યું હતું.

પંજાબ કિંગ્સ દ્વારા નિર્ધારિત 244 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાત ટાઇટન્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 232 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી સાઈ સુદર્શને 74 રન જ્યારે જોસ બટલરે 54 રન બનાવ્યા હતા. અગાઉ પંજાબ કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને 243 રન બનાવ્યા હતા. શ્રેયસ અય્યરે અણનમ 97 રન બનાવ્યા હતા. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. પ્રિયાંશ આર્યએ 47 અને શશાંક સિંહે અણનમ 44 રન બનાવ્યા હતા.

. . . . . . . . . . . . . . .

# ICC WOMENS WC QUALIFIERS

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે મહિલા ક્રિકેટ વિશ્વ કપ 2025 ક્વોલિફાયરનું સમયપત્રક જાહેર કર્યું છે. ક્વોલિફાયર ટૂર્નામેન્ટ આગામી મહિનાની 9મી તારીખથી પાકિસ્તાનના લાહોર ખાતે બે સ્થળોએ શરૂ થશે, જેમાં પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ, બાંગ્લાદેશ, આયર્લેન્ડ, સ્કોટલેન્ડ અને થાઇલેન્ડ સહિત છ ટીમો ભાગ લેશે. ક્વોલિફાયરમાંથી ટોચની 2 ટીમો આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારા આઇસીસી મહિલા ક્રિકેટ વિશ્વ કપની 13મી આવૃત્તિ માટે મુખ્ય છ ટીમોમાં જોડાશે.

. . . . . . . . . . . . . . .

# WILDFIRES – KOREA

દક્ષિણ કોરિયાના જંગલમાં લાગેલી આગના કારણે 18 લોકોના મોત થયા છે અને 19 લોકો ઘાયલ થયા છે. ગૃહ અને સુરક્ષા મંત્રાલયના તાજેતરના આંકડાઓ અનુસાર, 23 હજાર થી વધુ લોકોને બચાવાયાં છે અને સેંકડો માળખાને નુકસાન થયું છે. એક હજાર ત્રણસો વર્ષ જૂના બૌદ્ધ મંદિર સહિત કેટલાંક સાંસ્કૃતિક સ્થળો પણ અસરગ્રસ્ત  થયા છે, જ્યારે અન્ય રાષ્ટ્રીય ખજાનાને સુરક્ષિત સ્થળે ખસેડાઇ રહ્યો છે.

કોરિયામાં તૈનાત અમેરિકી સૈન્યના હેલિકોપ્ટર આગને કાબૂમાં લેવા માટે હજારો અગ્નિશામકો અને લગભગ પાંચ હજાર લશ્કરી કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. આશરે 17 હજાર હેક્ટર જંગલોનો પણ નાશ થયો છે, દક્ષિણ કોરિયાના ઇતિહાસમાં ત્રીજી આ સૌથી મોટી આગ છે.

. . . . . . . . . . . . . . .